# અરવલ્લીમાં દિવાળી ટાણે મીઠાઈ-ફરસાણમાં ભેળસેળ ચકાસવા ફૂડ વિભાગના દરોડા

## ૧૦ સ્થળેથી મીઠાઈ-ફરસાણના સેમ્પલ લેવાયા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૬

અરવલ્લી જિલ્લામાં દિવાળી નજીક આવતાં મીઠાઈ અને નાસ્તા-ફરસાણની દુકાનોમાં ભેળસેળ ચકાસવા માટે ફૂડ વિભાગે દરોડા શરુ કર્યા જેમાં ૧૦ સ્થળેથી ફૂડ વિભાગના ઈન્સ્પેકટરોએ મીઠાઈ તેમજ ફરસાણના નમૂના એકત્ર કરી પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જિલ્લામાં તહેવારો સમયે ફૂડ વિભાગની ટીમોએ મેઘરજ અને મોડાસા ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

તહેવારો સમયે મીઠાઈ અને ફરસાણમાં ભેળસેળની વધુ શકયતા રહેતી હોય છે. ખાસ કરીને સિન્થટીક માવાના ઉપયોગથી મીઠાઈઓ તૈયાર કરી પ્રજાના આરોગ્ય સાથે કેટલાક વેપારીઓ ચેડાં કરતા હોય છે. ખાદ્ય સામગ્રીમાં થતી ભેળસેળ ચકાસવા માટે ફૂડ વિભાગ કાર્યરત છે અને સ્થળ ઉપર લેબોરેટરી પરીક્ષણ માટે સરકાર દ્વારા ખાસ વાહન પણ ફાળવવામાં આવ્યું હોવા છતાં મીઠાઈ, ફરસાણમાં કે પછી દૂધ સહિતની ચીજવસ્તુઓમાં મીલાવટ વધુ પ્રમાણમાં પકડાતી નથી તે પણ એક આશ્ચર્ય બની રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં દિવાળીનો તહેવાર નજીકમાં હોવાથી તાલુકા મથકના બજારોમાં સ્વીટ એન્ડ ફરસાણ માર્ટમાં અવનવી મીઠાઈઓ તેમજ



ફરસાણ બનાવવાની કામગીરી પૂરજોશમાં શરુ થઈ છે. હલકી ગુણવત્તાનું તેલ તેમજ અખાદ્ય માવાની મીઠાઈઓ તહેવારોમાં પ્રજાનું આરોગ્ય જોખમમાં ન મૂકે તે માટે હવે ફૂડ વિભાગ સક્રીય થયું જિલ્લામાં ફૂડ વિભાગની વિવિધ ટીમો દ્વારા દરોડાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે જેમાં મેઘરજમાં ૮ તેમજ મોડાસામાં જે સ્થળે દરોડા દરમ્યાન તંત્રએ મીઠાઈ તેમજ ફરસાણના નમૂના એકત્ર કરી પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. દરેક તહેવારો દરમ્યાન તંત્ર સેમ્પલ લેવાની દોડાદોડી કરતું હોય છે પરંતુ પ્રજાના પેટમાં અખાદ્ય મીઠાઈ તેમજ ફરસાણ પહોંચી ગયા પછી રિપોર્ટ આવતો હોવાના કારણે તંત્રની કાર્યવાહી આમ પ્રજામાં ફારસરૂપ સાબિત થઈ રહી છે. જ્યારે રિપોર્ટ આવી ગયા પછી પણ ફૂડ વિભાગના અધિકારીઓ જાહેર કરવામાં પાછી પાની કરતા હોય છે. સાતમ-આઠમના તહેવારો દરમ્યાન પણ તંત્રએ મીઠાઈ તેમજ ફરસાણ બજારમાંથી કેટલાક નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. જે અંગેનો રિપોર્ટ મહિનાઓ વિત્યા પછી પણ અલાદીનના ચિરાગ જેવો બની રહ્યો છે ત્યાં હવે બે દિવસથી શરુ થયેલી દરોડાની કાર્યવાહીમાં ફૂડ વિભાગના અધિકારીઓ મેઘરજ અને મોડાસા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ૧૦ સ્થળે દરોડાની કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે.

**ક્યાંથી નમુના લેવાયા**

| તાલુકો | સ્થળ |
|---|---|
| મેઘરજ | ભવાની દાલ-બાટી એન્ડ કોલ્ડીંગ હાઉસ, બિકાનેર સ્વીટ માર્ટ, શ્રી જોધપુર સ્વીટ એન્ડ ફરસાણ, ન્યુ ગ્રીન નાસ્તાહાઉસ, ભેરુનાથ ફરસાણ, ઉમિયા સ્વીટ માર્ટ, મનપસંદ દાલ-બાટી એન્ડ નાસ્તા, ભગવતી જનરલ સ્ટોર્સ |
| મોડાસા | જોધપુર સ્વીટ માર્ટ, ભાવનગરી સ્વીટ માર્ટ |

### આદિવાસી પ્રજાની અનોખી પરંપરા

# પોશીના પંથકમાં નવા વર્ષની સુખાકારી માટે દેવી-દેવતાઓને માટીના હાથી-ઘોડા ચઢાવાશે

## આદિવાસીઓમાં શ્રદ્ધા સ્થાને રહેલા તુંબરાજ બાવજી, ભાખર બાવજી, અંગાસી માતા, દેમી માતાની માનતાઓ પૂરી થશે

બાયડ (બ્યુરોઓફીસ), તા.૧૬

સાબરકાંઠામાં બહુમૂલ આદિવાસી વસતી ધરાવતો પોશીના તાલુકા વિકાસથી વંચિત રહ્યો છે પરંતુ સ્થાનિક પ્રજાની વર્ષો જૂની પરંપરાઓ હાઈટેક યુગમાં પણ જળવાયેલી રહી છે. જેમાં દિવાળીના તહેવાર સમયે પોશીના, લાંબડીયા વિસ્તારમાં ગ્રામ્ય દેવીદેવતાઓને માટીના હાથી-ઘોડા ચઢાવવાની પરંપરાના કારણે હમણાંથી માટી કલાના કારીગરોને સીઝન ખૂલી છે. આદિવાસીઓમાં શ્રદ્ધા સ્થાને રહેલા તુંબરાજ બાવજી, ભાખર બાવજી, કરુ બાવજી, અંગાસી માતા, દેવી માતા, ભાડેર બાવજી અને રખવાડ બાવજી જેવા દેવી-દેવતાઓની માનતા પૂરી થયે દિવાળીએ માટીના હાથી-ઘોડા અર્પણ કરવામાં આવતા હોવાથી માટીના હાથી-ઘોડાના વેચાણમાં તેજી આવી છે.

પોશીના અને લાંબડીયા પંથકમાં એકમાત્ર માટી કલાના કારીગરો હાથી-ઘોડા માટીમાંથી તૈયાર કરવાની કળા જાળવી રહ્યા છે. આ વિસ્તારની આદિવાસી પ્રજાએ પણ વર્ષો જૂની પોતાની



પરંપરાઓ જાળવી હોવાના કારણે તહેવારો સમયે ભાતીગળ સંસ્કૃતિના તેમજ રીતરીવાજોના દર્શન થતા હોય છે. દિવાળીના તહેવાર સમયે આદિવાસી પ્રજાજનો તેમના શ્રદ્ધા કેન્દ્ર દેવી-દેવતાઓને તેમજ કુળદેવતાને માટીના હાથીઘોડા ચઢાવી ગામ તેમજ પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરતા હોય છે. આ વિસ્તારના આદિવાસી સંસ્કૃતિના ઉંડા અભ્યાસુ અને શિક્ષક બિરબલ રાઠોડે જણાવ્યું હતું કે આદિવાસી પરિવારમાં કોઈએ કોઈ બાધા આખડી રાખી હોય અને તે પૂર્ણ થઈ હોય તો દેવી-દેવતાને માટીનો ઘોડો કે હાથી દિવાળી સમયે અર્પણ કરવામાં આવતો હોય છે. તેમાંય ખાસ કરીને ગાય, ભેસ અને બકરી જેવા પ્રાણીઓ વિવાય ત્યારે તેનું દૂધ પ્રથમ તુંબરાજ બાવજીને હાથી તેમજ માટીનો ઘોડો ચઢાવી તે દૂધ અર્પણ કરવામાં આવતું હોય છે. ત્યારબાદ જ આદિવાસી પ્રજા તે દૂધનો ઉપયોગ કરતી હોય છે. આ ઉપરાંત ધંધા-રોજગાર કે નોકરીમાં ઉન્નતિ થઈ હોય તો પણ દેવ સમક્ષ માટીના હાથી-ઘોડા ચઢાવી માનતા પૂરી કરવામાં આવતી હોય છે. આદિવાસી પ્રજા રોગ મુક્તિ, ખેતી રક્ષણ તેમજ નવું વર્ષ સુખદાયી નિવડે તે માટે ખાસ દિવાળીના તહેવારો સમયે દેવી-દેવતાઓના મંદિરોમાં વિશેષ પૂંજા-અર્ચના સાથે મોટીના હાથી-ઘોડા ચઢાવતી હોય છે જેના કારણે પોશીના તેમજ લાંબડીયા પંથકમાં હવે માટી કલાના કારીગરોને ત્યાં હાથીઘોડા ખરીદવા માટે ધસારો શરૂ થયો છે. અગાઉના વર્ષોમાં દિવાળીના તહેવાર સમયે માટીનાં કોડીયાં પ્રગટાવવાની પરંપરા જળવાઈ હતી પરંતુ આધુનિક યુગમાં કોડીયાનો ઉપયોગ સાવ ઘટી ગયો જેના કારણે શિક્ષિત અને સમૃદ્ધ વિસ્તારોમાં માટીની ચીજવસ્તુ બનાવનારા કારીગરોને મુશ્કેલીમાં મૂકાવવું પડ્યું પરંતુ પોશીનાના અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં આજે પણ દેવી-દેવતાને માટીના હાથી-ઘોડા અર્પણ કરવામાં આવતા હોવાથી આ વિસ્તારના માટી કલાના કારીગરો પણ દિવાળી સમયે ઉત્સાહ સાથે હાથી-ઘોડા બનાવી તેના વેચાણ દ્વારા આર્થિક ફાયદો મેળવતા હોય છે. વર્તમાન હાઈટેક યુગમાં રીતરીવાજો અને વર્ષો જૂની પરંપરાઓ સાવ ભૂલાવવા લાગી છે પરંતુ આદિવાસી પ્રજાએ હજુ પણ પોતાની માન્યતાઓ અને દેવી-દેવતાઓ પ્રત્યેની શ્રદ્ધાને જાળવી રાખી હોવાના કારણે તહેવારો દરમ્યાન આ વિસ્તારમાં એક અનોખી શ્રદ્ધાના અનેક ઉદાહરણો જોવા મળતા હોય છે.

**ગ્રામ્ય દેવી-દેવતાઓ પ્રત્યે આદિવાસીઓને અતૂટ શ્રદ્ધા**

પોશીના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દિવાળીના તહેવારો સમયે દેવી-દેવતાઓને માટીના હાથી-ઘોડા ચઢાવવાની પરંપરા આજે પણ જળવાયેલી રહી છે જેમાં નવું વર્ષ સુખદાયી નિવડે તે માટે આદિવાસીઓમાં શ્રદ્ધા સ્થાને રહેલા તુંબરાજ બાવજી, ભાખરી બાવજી, કરુ બાવજી, અંગાસી માતા, દેવી માતા, ભાડેર બાવજી અને રખવાડ બાવજી જેવા દેવી-દેવતાના થાનકે પંજા-અર્ચના અને બાધા પૂરી કરવા માટે શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે.

### પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં બોગસ ડ્રાઇવિંગ લાઇસન્સ કૌભાંડ

# બોગસ ડ્રાઈવિંગ લાઈસન્સ કૌભાંડ મામલે પોલીસ તપાસ બાદ પણ પરિણામ શૂન્ય

## સમગ્ર મામલો રફેદફે કરવામાં આરટીઓ કચેરીના ધમપછાડા

પાલનપુર તા. ૧૬

પાલનપુર આર.ટી.ઓ કચેરીમાં બોગસ ડ્રાઈવિંગ લાઈસન્સ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ અંગે પ્રાદેશિક વાહન વ્યવહાર કમિશનરની તપાસ બાદ પોલીસ ફરિયાદ દાખલ થઈ હોવા છતાં સમગ્ર મામલે આર.ટી.ઓ. દ્વારા પોલીસની સાંઠગાંઠથી ઢાંકપીછોડો કરવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. ત્યારે તટસ્થ તપાસ થાય તો પાલનપુર આર.ટી.ઓ કચેરીમાં બોગસ ડ્રાઈવિંગ લાઈસન્સ કૌભાંડનું હાડપીંજર બહાર નીકળવાની સાથે જવાબદાર અધિકારી ઓ અને કર્મચારીઓને જેલની હવા ખાવાનો વારો આવે તેમ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં સને ૨૦૧૫ માં વિદેશમાં રહેતા અરજદારના નામે બોગસ ડ્રાઈવિંગ લાઈસન્સ ઈશ્યુ થયુ હોવાની જાણ થતાં પાલનપુરના મિલન પઢીયાર નામના જાગૃત યુવકે પ્રાદેશિક વાહન વ્યવહાર કમિશનરને આધાર પુરાવા સાથે લેખિત રજુઆત કરી હતી. જેના પગલે પ્રાદેશિક વાહન વ્યવહાર કમિશનર કચેરી દ્વારા પાલનપુર આર.ટી.ઓ કચેરી ખાતે તપાસ હાથ ધરાઈ હતી. જેમાં મિલન પઢીયારની ફરિયાદમાં તથ્ય જણાતા વાહન વ્યવહાર કમિશનરની સુચના મુજબ પોલીસ ફરિયાદ દાખલ કરાઈ હતી. જોકે, પોલીસ ફરિયાદ દરમિયાન પણ જવાબદાર અધિકારી દ્વારા ફરિયાદીને પ્રલોભન આપતા તેની માંગણીઓ સંતોષવાની વાત કરાઈ હતી. જે અંગેના પ્રુફ પણ ફરિયાદી પાસે છે. ત્યારે ફરિયાદી મિલન પઢીયારે દાવો કર્યો હતો કે, જો આ પ્રકરણની પોલીસ દ્વારા તટસ્થ તપાસ થાય તો બોગસ લાઈસન્સનું મોટું કૌભાંડ બહાર આવે તેમ છે. જોકે, સાત સાત વર્ષ થવા છતાં આ પ્રકરણમાં કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી. ઉલટાનું સમગ્ર પ્રકરણને રફેદફે કરવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે વાહન વ્યવહાર કમિશનરે ફરિયાદીને રૂબરૂ સાંભળ્યા હતા. ફરિયાદીએ રજૂ કરેલા આધાર પુરાવા જોઈને ખુદ કમિશનર પણ ચોંકી ઉઠ્યા હતા. અંતે તેઓએ પોલીસ ફરિયાદ કરવાની સૂચના આપી હતી. જેમાં તટસ્થ તપાસ કરી કસુરવારોને નશયત કરવાની સૂચના અપાઈ હતી. પરંતુ પોલીસ અને આર.ટી.ઓ ની સાઠગાંઠથી આ કૌભાંડમાં આજદિન સુધી કોઈ ઠોસ કાર્યવાહી થઈ ન હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

# ગૌ રજયાત્રા રથનું સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર પૂજન સ્વાગત

મોડાસા, તા. ૧૬

અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં પથમેડા ગૌ ધામ દ્વારા વિશ્વની સૌથી મોટી પ્રથમ સુરભી શકિતપીઠ ની સ્થાપના ભાટટોલ નાકા અમદાવાદ અને સાબરમતી ના તટે એક ભવ્યાતિભવ્ય ગૌ માતાનુ વિશ્વનુ પ્રથમ મંદિર બનવા જઈ રહ્યું છે ત્યારે



એ મંદિર ના પાયા માં દરેક જીલ્લાના ગામડામા ઓમાથી ગાય માતા નુ પૂજન કરી અને તેની રજ અમદાવાદ ખાતે બની રહેલા ગૌ માતા ના મંદિર ના પાયા મા પધરાવી અને ત્યારબાદ ગૌ મંદિર ની સ્થાપના કરવામાં આવશે,,૨૬,,૧૦,,૨૦૨૨ થી,૪,,૧૧,,૨૦૨૨ સુધી અમદાવાદ ખાતે ભવ્યાતિભવ્ય ભવય કાર્યક્રમનું આયોજન કરેલ છે તો તેના દર્શનનો લાભ લેવા અવશ્ય પધારજો આ પ્રસંગે અનુસવાદે આજ રોજ ગૌ રથ મોડાસા ના આંગણે આવેલ મિની ઉંઝા ઉમિયા માતાજી મંદિર ખાતે મહેન્દ્રસિંહ રાજપુરોહિત તથા શંકરસિંહ રાજપુરોહિત તથા પારસ ભાઈ રાજપુરોહિત,, તથા રામકૃષ્ણ રાજપુરોહિત રામગઢી સામાજીક કાર્યકર જીવદયા પ્રેમી નિલેશ ભાઈ જોષી તથા મિની ઉંઝા ઉમિયા માતાજી મંદિર ના પ્રમુખ દિનેશભાઈ પટેલ તથા સવે ટ્રસ્ટી શ્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા અને મિની ઉંઝા ઉમિયા માતાજી મંદિર ના મંહત શ્રી વિષ્ણુ પ્રસાદ મહારાજે ગાય માતા નો મહિમા સમજાવ્યો હતો અને આ પ્રસંગે ની રૂપરેખા આપી અને આશીર્વાદ આપ્યા હતા

# શામળાજી વિષ્ણુ મંદિર ગ્રહણના દિવસે ખુલ્લુ રહેશે

## સવારે ૯-૦૦ કલાકે મંદિર ખૂલવા સાથે મંગળા આરતીના દર્શન

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૬

સૂર્ય ગ્રહણના કારણે આગામી તા.૨૫ ઓક્ટોબરના રોજ રાજ્યના મોટા દેવમંદિરો બંધ રહેવાના છે ત્યારે અરવલ્લીના પ્રસિદ્ધ શામળાજીનું વિષ્ણુ મંદિર ગ્રહણના દિવસે પણ ભક્તો માટે ખુલ્લું રાખવામાં આવશે. સવારે ૬-૦૦ કલાકે મંદિર ખૂલ્યા પછી ૬-૪૫ કલાકે મંગળા આરતી થશે. ત્યારબાદ ૮-૩૦ કલાકે શણગાર આરતી થયા પછી કાળીયા ઠાકરને રાજભોગ ધરાવવામાં આવશે. જેમાં દૈનિક પંજાવિધિ પૂર્ણ થયા પછી સવારે ૧૧-૩૦ કલાકે મંદિરના દ્વાર બંધ થનાર હોવાનું જાણવા મળ્યું છે.

દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે પડતર દિવસ એટલે કે આગામી તા.૨૫ ઓક્ટોબરના રોજ સૂર્યગ્રહણ છે. સમગ્ર ગુજરાતમાં આ ગ્રહણ દેખાવવાનું છે ત્યારે ગ્રહણના વેધ સમય દરમ્યાન મંદિરો બંધ રાખવાની પરંપરાને કારણે અનેક પ્રસિદ્ધ મંદિરોમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે ત્યારે જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીનું વિષ્ણુ મંદિર ગ્રહણના દિવસે પણ દર્શન માટે ખુલ્લું રાખવામાં આવશે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાણવા મળેલ વિગત મુજબ આગામી સૂર્યગ્રહણના દિવસે સવારે ૬-૦૦ કલાકે મંદિર ખુલશે. ૬-૪૫ કલાકે મંગળા આરતી, ૮-૩૦ કલાકે શણગાર આરતી, સવારે ૧૦-૩૦ કલાકે રાજભોગ તેમજ ૧૧-૧૫ કલાકે રાજભોગ આરતી થયા પછી સવારે ૧૧-૩૦ કલાકે મંદિર બંધ થયા પછી બપોરે ૧-૦૦ કલાકે ઉત્થાપન થનાર હોવાનું જાણવા મળ્યું છે. સાંજે ૪-૪૫ કલાકે ગ્રહણ લાગશે અને સાંજે ૪-૫ કલાકે ગ્રહણ પુરું થવાનું છે. ગ્રહણનો કુલ સમય ૧ કલાકને ૪૫ મીનીટનો છે જેમાં ગ્રહણ દરમ્યાન પણ શામળાજી મંદિરમાં ઠાકોરજીના દર્શન માટે મંદિર ખુલ્લું રાખવામાં આવશે.

**ગ્રહણના દિવસે દર્શનનો સમય**

સવારે ૬-૦૦ કલાકે મંદિર ખુલશે
સવારે ૬-૪૫ કલાકે મંગળા આરતી
સવારે ૮-૩૦ કલાકે શણગાર આરતી
સવારે ૧૦-૩૦ કલાકે રાજભોગ ધરાશે
સવારે ૧૧-૧૫ કલાકે રાજભોગ આરતી
સવારે ૧૧-૩૦ કલાકે મંદિર બંધ થશે
બપોરે ૧-૦૦ કલાકે ઉત્થાપન

# પ્રાંતિજની દિકરીને ગડદાપાટુનો મારમારી પાંચ લાખની દહેજની માંગણી કરતા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

## પતિ , જેઠ , સાસુ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઇ : ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી : પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી કાયદેસર કાર્યવાહી હાથધરી

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ની દિકરીને તેના પતિ ,જેઠ , સાસુ દ્વારા ગદડાપાટુ નો મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ત્રણેય વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ.

પ્રાંતિજ લુહાર બારી વિસ્તાર મા રહેતા સમીમબાનુ મનસુરી ના લગ્ન સમાજ ના રીતરીવાજ મુજબ તા.૧|૬|૨૦૮ ના રોજ વિસનગર ખાતે રહેતા આશીફ હુસેન અબ્દુલ સત્તાર મનસુરી સાથે થયા હતા અને લગ્ન બાદ એક દિકરો અને એક પુત્રી છે તો પતિ ,જેઠ , સાસુ દ્વારા કોઈ પણ રીતે સમીમબાનુ ને હેરાન નરેશાન કરી શારીરિક માનસિક ત્રાસ આપતા તો સમીમબાનુ એ પોતાના દાગીના અંગે પૂછતા તેવો ના પતિ ,જેઠ ,સાસુ એકસંપ થઈ કહેવા લાગેલ કે તુ તારાબાપ ના ઘરેથી ઘરેણા ૫,૦૦,૦૦૦ મંગાવ તથા આ ઘરેણા બાબતે કોઈ ને જાણ કરીશ તો તને જાનથી મારી નાખીશું જે મામલે સમીમબાનુ વિરોધ કરતા તેના પતિ , જેઠ , સાસુ એક સંપ થઈ સમીમબાનુ ને ગડદાપાટુ નો મારમારી ગુન્હો કરી એકબીજા ની મદદત કરી હતી તો સમીમબાનુ પોતાના ભાઈ ના ઘરે પ્રાંતિજ આવી પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે પતિ અશિફ હુસેન અબ્દુલ સત્તાર અબ્દુલ સત્તાર મનસુરી , જેઠ રફીક હુસેન અબ્દુલ સત્તાર મનસુરી તથા સાસુ મરીયમબેન અબ્દુલ સત્તાર મનસુરી ત્રણેય રહે. ૩૯, મનસુરી પાર્ક સોસાયટી ગામ વિસનગર , જિ.મહેસાણા વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૯૮છ ,૩૨૩,૫૦૬ (૨) ૧૧૪ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ દુલેસિહ દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

# બનાસકાંઠામાં વીસીઈની હડતાળથી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ખોવાનો વારો

પાલનપુર તા. ૧૬

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પચાયતમાં દાખલા ઉતારા કાઢવાનું કામ કરતા કોમ્પ્યુટર સાહસિકોની અચોક્કસ મૂળતનું હડતાળે વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મુક્યા છે.

વિદ્યાર્થીઓને શૈક્ષણિક સ્કોલરશીપ મેળવવા માટે આવકનો દાખલો ફરજિયાત હોય વીસીઈની હડતાલને લઈ વિદ્યાર્થીઓને આવકના દાખલા મેળવવા ભારે રઝળપાટ કરવી પડી રહી છે. જોકે સ્કોલરશીપ ફોમ ભરવા ને આડે માત્ર બે દિવસ બાકી હોય અને તેમને સમયસર આવકના દાખલા ન મળે તો વિદ્યાર્થીઓને આ વર્ષ ની સરકારી સ્કોરશિપ ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

સરકાર દ્વારા શાળા, કોલેજ સહિત વિવિધ ક્ષેત્રે અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિતજન જાતિ અને બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા અભ્યાસ કરવા સ્કોરશીપ આપવામાં આવે છે.

જેમાં સરકાર ની સ્કોરશીપ મેળવવા માટે વાલીની ચાલુ વર્ષની આવકનો દાખલો ફરજિયાત હોય ગ્રામીણ વિદ્યાર્થીઓ આવકના દાખલા મેળવવા ગ્રામ પંચાયત ના ધક્કા ખાઈ રહ્યા છે.


શ પરંતુ ગ્રામ પંચાયતોમાં આવકના દાખલા કાઢવા વીસીઈ પોતાની માંગો ને લઈ છેલ્લા બે મહિના થી અચોક્કસ મુદતની હડતાલ પર હોઈ વિદ્યાર્થીઓ અને વાલી ને આવકના દાખલા મેળવવા ભારે રઝળપાટ કરવાની ફરજ પડી રહી છે જોકે સ્કોરશીપ માટે ફોમ ભરવાની આખરી મુદત તા.૧૫ ઓક્ટોબર હોઈ આ બે દિવસમા વિદ્યાર્થીઓ ને આવકના દાખલા નહિ મળે તો જિલ્લાના હજારો વિદ્યાર્થીઓ ને સરકારી સ્કોરશીપ ગુમાવવાની નોબત આવી શકે તેમ હોય સરકાર દ્વારા ગ્રામ કક્ષાએ વિદ્યાર્થીઓ ને આવકના દાખલા મળી રહે તેવી વૈકલ્પિક વ્યવસ્થા કરવા અથવા સ્કોરશીપના ફોમ ભરવાની મુદતમાં વધારો કરવાની માંગ ઉઠી છે.

**સ્કોરશીપ ફોમ ભરવાની મુદતમાં વધારો કરવાની માંગ**

શાળા- કોલેજના વિદ્યાર્થીઓ ને સરકારી સ્કોરશીપના ફોમ ભરવાની આખરી મુદત ૧૫ ઓક્ટોબર છે. પરંતુ હાલ ગ્રામ પંચાયતના વીસીઈ હડતાળ પર હોઈ ગ્રામીણ વિદ્યાર્થીઓને વીસીઈ ની હડતાલથી આવક ના દાખલા મેળવવા ભારે રઝળપાટ કરવી પડી રહી હોય ગ્રામ કક્ષાએ આવકના દાખલા મળી રહે તે માટે સરકાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવા અથવા સ્કોરશીપ નું ફોમ ભરવાની મુદતમાં વધારો કરવાની માંગ ઉઠી છે.

# ભારત સરકારની જળ સંપતિ પાર્લામેન્ટ્રી કમિટીમાં બનાસકાંઠાના સાંસદ પરબત પટેલની વરણી

## જળ એ જ જીવનને સાર્થક કરવા પરબતભાઈ પટેલના પ્રયાસો રાજ્યમાંથી અભિનંદનની વર્ષા



પાલનપુર તા. ૧૬

ભારત સરકારની વોટર રિસોર્સ પાર્લામેન્ટરી કમિટીમાં ચેરમેન તરીકે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના સંસદ સભ્ય પરબતભાઈ પટેલની વરણી કરાતા રાજ્યભરમાં તેમની ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

જળ શક્તિ મંત્રાલય ભારત સરકારના વિભાગમાં આ કમિટીમાં સુજલામ સુફલામ ડ્રીપ ઈરીગેશન ડેમ સેફટી વર્તમાન સમયમાં પાણીની તંગીના કારણે તેનું સંરક્ષણ અને યોગ્ય ઉપયોગ થાય તે માટે ની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

પાણીના સંવર્ધન અને સંયોજન માટે દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ જસ્ત્રોતોના મજબૂત આયોજન માટે પસંદગીનો કળશ ગુજરાતના બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ ઉપર ઢોળ્યો છે.

આ કમિટીમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સંસદ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-સલાલ માર્કેટયાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ દ્વારા ગૌરવ યાત્રા લઈ ને નિકળેલ ભાજપના કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા નુ ફોટો આપીને સ્વાગત કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સેકેટરી શૈલેષભાઈ પટેલ, ડાં નૃપાંશભાઈ પટેલ, સહિત માર્કેટયાર્ડના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા